GJMR020018072019

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | :- | ૧૨/૦૩/૨૦૧૯ | | |
| નોંધ્યા તારીખ | :- | ૧૨/૦૩/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | :- | ૩૦/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | :- | વર્ષ | મહિના | દિવસ |
| | | ૦૭ | ૦૩ | ૧૮ |

**એડીશ્નલ ચીફ જયુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં.મુ.મોરબી.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નં.** | **૧૬૬૪/૨૦૧૯** |
| **આંક-** | **૧૯** |
| **મોરબી એ ડિવી.પો.સ્ટે.સી-પાર્ટ ગુ.ર.નં.** | ૫૯૫૨/૨૦૧૮ |

| | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| **ફરિયાદી તરફે** | **વિ.એ.પી.શ્રી એન.વાય.વાઘજીયાણી** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપીઓ** | **(૧) અશ્વિનભાઈ જીવરાજભાઈ સનારીયા,**<br>રહે.મોરબી શક્ત શનાળા મુરલીધર હોટલ પાછળ,<br>તા.જી.મોરબી.<br>**(૨) મુકેશસિંહ ઉર્ફે ભાણુભા ભીખુભા જાડેજા,**<br>રહે.મોરબી શક્ત શનાળા નીતીન નગર સોસાયટી,<br>તા.જી.મોરબી. |
| **આરોપી તરફે** | **વિ.વ.શ્રી એફ.જે.ઓઝા** |

| | |
|---|---|
| બાબત:- | **પ્રોહી એક્ટની કલમ - ૬૫(ઈ), ૮૧, ૯૮(૨)મુજબ** |

**-:: ફોર્મ-બી ::-**

| | |
|---|---|
| **ફરીયાદ આપ્યાની તારીખ** | ૩૦/૧૧/૨૦૧૮ |
| **ફરીયાદ રજીસ્ટર્ડ કર્યાની તારીખ** | ૦૧/૧૨/૨૦૧૮ |
| **ચાર્જશીટ રજૂ થયા તારીખ** | ૦૧/૦૩/૨૦૧૯ |
| **પ્લી લીધાની તારીખ** | ૧૬/૦૨/૨૦૨૩ |

| | |
|---|---|
| **પુરાવો શરુ કર્યાની તારીખ** | ૩૧/૦૩/૨૦૨૩ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૧૯/૦૫/૨૦૨૬ |
| **ચુકાદો જાહેર કર્યાની તારીખ** | ૧૭/૦૭/૨૦૨૬ |
| **જો સજા કરેલી હોય તો તે તારીખ** | --- |

## -: આરોપીની વિગત :-

## :: (૧) ::

| | |
|---|---|
| **આરોપીનું નામ** | અશ્વિનભાઈ જીવરાજભાઈ સનારીયા |
| **અટક કર્યા તારીખ** | ૩૦/૧૧/૨૦૧૮ |
| **જામીન પર છોડયા તારીખ** | ૦૧/૧૨/૨૦૧૮ |
| **ગુન્હો** | પ્રોહી એક્ટની કલમ - ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) |
| **તકસીરવાન/નિર્દોષ** | નિર્દોષ |
| **સજા** | -- |
| **સી.આર.પી.સી.ની કલમ: ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય** | -- |

## :: (૨) ::

| | |
|---|---|
| **આરોપીનું નામ** | મુકેશસિંહ ઉર્ફે ભાણુભા ભીખુભા જાડેજા |
| **અટક કર્યા તારીખ** | ૨૦/૧૨/૨૦૧૮ |
| **જામીન પર છોડયા તારીખ** | ૨૦/૧૨/૨૦૧૮ |
| **ગુન્હો** | પ્રોહી એક્ટની કલમ - ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) |
| **તકસીરવાન/નિર્દોષ** | નિર્દોષ |
| **સજા** | -- |
| **સી.આર.પી.સી.ની કલમ: ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય** | -- |

## -: ફોર્મ-સી :-

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લિસ્ટ :-**

**એ./ ફરિયાદ પક્ષે સાહેદ લિસ્ટ :-**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ત.ક.અ. નાગદાનભાઈ કિશોરદાન ઈસરાણીની જુબાની | ૧૨ |

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :-**

**એ./ ફરિયાદ પક્ષે દસ્તાવેજી લિસ્ટ :-**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૩ |
| ૨ | પંચનામું | ૧૪ |

-----------------------------------------
-----------------------------------------

## -:: ઠરાવ ::-

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના નં-(૧) એ આરોપી નં-(૨) પાસેથી ગે.કા.પાસ પરમીટ કે આધાર વગર દેશી પીવાનો દારૂ લીટર-૪૯/- કિ રૂ-૯૮૦/- નો વેચાણ અર્થે મેળવી પોતાના કબ્જામાં રાખી એકટીવા મોટર સાયકલ તથા મોબાઈલ નંગ-૧ સાથે કુલ કિ રૂ-૩૧,૪૮૦/- ના મુદ્દામાલ સાથે એકબીજાને મદદગારી કરતા આરોપી નં-(૧) તપાસ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, સદરહુ ફરીયાદીની ફરીયાદ મોરબી સીટી એ ડિવી. પો. સ્ટે. ગુ. ર.નં.૫૯૫૨/૨૦૧૮ થી પ્રોહી એક્ટની કલમ - ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબની આપતાં તેની તપાસ કરી, તપાસ કરનાર

અમલદારે લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરતો પુરાવો હોય, અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

૨. આરોપીને ધોરણસર સમન્સ બજી જતા, આરોપીને અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યાર બાદ આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૦૯ થી તહોમતનામુ ફરમાવી, વાંચી સંભળાવી, સમજાવી આંક–૧૦ તથા આંક–૧૧ થી પ્લી લેવામાં આવતાં આરોપીઓએ ગેન્હાનો ઈન્કાર કરેલ. જેથી ત્યાર બાદ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

૩. ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફોર્મ સી મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

૪. ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. આ કામે કેસના સંજોગો તથા રજુ થયેલ પુરાવો જોતા આરોપી વિરૂધ્ધનો પુરાવો જણાતા આરોપીઓનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું નીવેદન નોંધવા લાયક પુરાવો આપવામાં આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

૫. આ કામે સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્ધાઓ::–**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના નં–(૧) એ આરોપી નં–(૨) પાસેથી ગે.કા.પાસ

પરમીટ કે આધાર વગર દેશી પીવાનો દારૂ લીટર–૪૯/– કિ રૂ–૯૮૦/– નો વેચાણ અર્થે મેળવી પોતાના કબ્જામાં રાખી એકટીવા મોટર સાયકલ તથા મોબાઈલ નંગ–૧ સાથે કુલ કિ રૂ–૩૧,૪૮૦/– ના મુદ્દામાલ સાથે એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ પ્રોહી એક્ટની કલમ – ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ**

**–:: કારણો ::–**

**૭. મુદ્દા નંબર – ૧ અને ૨ અંગે :–**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

૮. સદરહુ કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે ત.ક.અ. નાગદાનભાઈ કિશોરદાન ઈસરાણીનાઓને આંક–૧૨ થી તપાસવામા આવેલ છે જેમાં તેઓએ પોતાની સરતપાસની જુબાનીમાં જણાવેલ છે કે, "૨૦૧૮ ની સાલમાં હુ એ ડીવી. પો.સ્ટે. મોરબીમાં સનાળા બીટમાં ફરજ બજાવતો હતો તે દરમ્યાન હાલના આરોપીઓ પાસેથી, વગર પાસ પરમીટે દેશી દારુ લીટર ૪૯ મળી આવેલુ, જે અંગેની ફરીયાદ રસીકભાઈ મનસુખલાલ પટેલનાઓએ સરકાર તરફે ફરીયાદ આપેલી. જે રસીકભાઈ આર આર સેલ રાજકોટ ખાતે ફરજ બજાવતા હતા મને ફરીયાદ બતાવવામાં આવે છે, તેમા તેઓની ફરીયાદી તરીકે સહી છે, જે હુ ઓળખુ છ. અસલ ફરીયાદ રજુ દા.આ. ૧૩ આપવામાં આવે છે. ફરીયાદ દાખલ થયા બાદ તપાસ અમોને સોપવામાં આવેલ, જેથી મે

તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોને નિવેદન લીધેલા, અને આ કામે કબજે લીધેલ મુદ્દામાલ એફ.એસ.એલ ખાતે પરીક્ષણ માટે મોકલવાની કામગીરી કરેલી. તેમજ આ બાબતે આર આર સેલ રાજકોટના આર.એન.મઢ નાઓએ આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ, દારુનુ વિગતવારનુ પંચનામુ કરવામાં આવેલુ. જેમા આર એન.મઢનાઓની રુબરુમાં સહી છે. જે હુ ઓળખુ છુ, પંચનામુ રજુ દા.આ. ૧૪ આપવામાં આવે છે. આ કામે આરોપી નં.૨ મુકેશસિંહ ભીખુભા જાડેજાને મે અટક કરેલ જે હુ ઓળખુ છુ. તપાસના અંતે હાલના આરોપીઓ સામે મે કોર્ટમાં ચાર્જશીટ આપેલ."

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે આજદિન સુધી કોર્ટમાં એફ.એસ.એલ. રિપોર્ટ રજૂ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, પંચ સીવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી.

૦૯. આમ, સદરહુ ત.ક.અ.શ્રીના પુરાવાથી એ ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી કે, કહેવાતો મુદ્દામાલ દેશીદારૂ હોવાનુ તેમજ તે વગર પાસ પરમીટે આરોપી વેચાણ કરતાં હોવાનુ તેમજ એકટીવા મોટર સાયકલ તથા મોબાઈલ પોતાના કબ્જામા રાખીને એકબીજાના મેળાપીપણાથી વેચાણ કરતા હતા, તેમજ કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવા લેવામાં આવેલ નથી, જેથી સદરહુ કેસ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ અસફળ રહેલ હોવાનું મારુ વિનમ્રપણે માનવું હોવાથી હું તે મુજબ ઠરાવી **મુદ્દા નં. ૧** નો જવાબ **નકારમાં** આપુ છું. અને **મુદ્દા નં.૨** બાબતે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

૧. આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે પ્રોહી એક્ટની કલમ - ૬૫(ઈ), ૮૧,

૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી આથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ અન્વયે આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરુધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમય મર્યાદા માટે આરોપીના જામીનખત તથા જાતમુચરકા ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

**૩.** કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** આ કામે કબજે લીધેલ મુદ્દામાલ એકટીવા મોટર સાયકલ તથા મોબાઈલ અંગે જે હુકમ અગાઉ થયેલ છે તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ :–** ૩૦/૦૬/૨૦૨૬
**સ્થળ :–** મોરબી.

**(પ્રશાંત પરમાનંદ શાહ)**
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
મોરબી.
(U.I.C.NO. GJ00665 )

Guj. Steno. - Farhin Shekh